| Innovation ID | DTP0010000002888 | Sr No : 1 |
|---|---|---|

**Innovation Title** જીરૂ (Cuminum cyminum)માં ચરમીનું નિયંત્રણ

**Category** પાક સંરક્ષણ

**Notebook Number** lok(૬) ૧-૨, jan-Apr-૨૦૦૧, Pg No. ૬

**Brief**
જીરૂ (Cuminum cyminum)માં ચરમીના નિયંત્રણ માટે લીમડા (Azadirachta indica)ના કૂણા પાન, કુવારપાઠું (Aloe barbadensis), આકડા (Calotropis gigantea)ના પાન, કપડાધોવાના પાવડરનો ઉપયોગ

**Detail**
જીરૂ (Cuminum cyminum)એ ગુજરાતના સૂકા અને અર્ધસૂકા વિસ્તારના ખેડૂતો માટે મહત્વનો રોકડીયો પાક છે. વળી, જીરૂના પાકને ચરમીના રોગથી બચાવવો એ ખેડૂતો માટે કસોટીરૂપ કાર્ય હોય છે.
સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના થોરીયાળી ગામના પથુભાઈ ગાંડુભાઈ રાઠોડ એ લીમડા (Azadirachta indica)ના પાન, કુંવારપાઠુ (Aloe barbadensis) અને આકડા (Calotropis gigantea) ના પાનનો ઉપયોગ કરીને ચરમીનું નિયંત્રણ કરેલ છે.
ખેડૂતના જણાવ્યા મુજબ જીરૂમાં ચરમીનું નિયંત્રણ માટે લીમડાના કૂણા પાન, કુવારપાઠું અને આકડાના પાનને સરખા પ્રમાણમાં લસોટીને રસ એકત્ર કરવામાં આવે છે. જ્યારે જીરૂનો પાક ૩૦ દિવસનો થાય ત્યારે ૫૦૦ મિલી ઉપરોક્ત વનસ્પતિના રસમાં ૫ ગ્રામ કપડાં ધોવાનો પાવડર મિશ્ર કરી ૧૫ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવામાં આવે છે. પ્રથમ છંટકાવ બાદ ૭ દિવસના અંતરે નિયમિત છંટકાવ કરવાથી ચરમી રોગ પાકને લાગતો નથી.

(નોંધ:- આ પદ્ધતિનું પી.આઈ.સી ઓગષ્ટ ૨૦૦૪માં સોમભાઈ ઠક્કરે કરેલ છે.) (આ પદ્ધતિ સાચી છે.) (ઉત્તરદાતા સજીવ ખેતી કરે છે.)

(નોંધ:- આ પદ્ધતિનું રીચેક જાલમસિંહ ઝાલાએ કરેલ છે.)
આ પદ્ધતિ સાચી છે. અને ઉત્તરદાતા પણ સાચા છે. તેઓએ જીરૂમાં ચરમીના નિયંત્રણ માટે આ પ્રયોગ કરેલ અને સારી એવી સફળતા મેળવેલ.
- સાયણા વિસ્તારમાં જીરૂનો પાક વધારે થાય છે અને આવી સમસ્યા ન સર્જાય તે માટે આવા પ્રયોગો લાભદાયી નીવડે છે.

વનસ્પતિની ઓળખ
લીમડો- લીમડો બધી જગ્યાએ પ્રચલિત છે. દેશી ઉપચારમાં તે ઘણી બિમારી માટે ઉપયોગી છે. તેનું ઝાડ ૨૦ ફુટથી પણ વધુ ઊચું થાય છે. દરેક જગ્યાએ મળી રહે છે. તેનાં પાન નાનાં અને ભાલા જેવાં લાંબા હોય છે. તેને સફેદ મહોર આવે છે. લિંબુડી પણ દવામાં વપરાય છે. તેના બીજનું બિમતેલ પણ બને છે. જે જંતુનાશક તરીકે વપરાય છે.

કુવારપાઠું - આ કુવારપાઠું ખાસ કરીને પથરાળ જમીનમાં વધુ થાયતેને પાન જાડા હોય છે. લાંબા હોય છે. પાન ઉપર કાંટા હોય છે. તેને તોડતાં ચીકણો રસ નીકળે છે. તે ચાર ફુટ જેટલો થાય છે.

આકડો - આકડા નામની વનસ્પતિ ૪થી ૬ ફુટ ઊંચો થાય છે. તેના ફુલ ઝુમકામાં સફેદ થાય છે. તેનાં પાન લીલાં મોટાં અને ગોળ થાય છે. રેતાળ, ગોરાડું જમીનમાં વધુ થાય છે. તેનાં ફળ દેશી આંબાની કેરી જેવા થાય છે. તે પાકતાં તેમાંથી રેસાવાળું સફેદ રૂ નીકળે છે. જેની સાથે નાનાં બારિક બીજ પણ હોય છે. તેને તોડતાં સફેદ દૂધ નિકળે છે. તેના ફુલની માળા હનુમાનજીની પુજામાં વપરાય છે.

લક્ષણો -
ચરમી આવે તો પાક કુડાળામાં સુકાય છે.
- કુડાળું ધીરે ધીરે વધતું જાય છે.
- ચરમીવાળું કુંડાળુ સુકાતાં કાળું થઈ જાય છે.
- દાણાનું પોષણ ન થતાં એકદમ નાના રહે છે.
- આખા ખેતરમાં ઝડપથી ફેલાય છે.

આ પદ્ધતિનો પ્રકાર સ્વયં વિકાસવેલ છે.
આ પદ્ધતિનો મૂળસ્રોત પથુભાઈ પોતે સજીવખેતીમાં માનવાવાળા છે. તેમને સજીવખેતી કરવાનું ઘણા સમયથી ચાલું કરેલ છે. રા. દવાઓના ખર્ચથી બચવા અને વધારે નફો લેવા ઓછા ખર્ચે ખેતી કરતા થયા છે. તેમના મનમાં આ વિચાર આવતાં ઉપરોક્ત વનસ્પતિનો ઉપયોગ કરી દવા બનાવી. છંટકાવ કરતાં સારો એવો ફાયદો જણાતાં આ પ્રયોગ હાથ ધરેલાં છે.
- આ પદ્ધતિનું વિસ્તરણ વધુ થયેલ નથી. પણ જે કંઈ જાણવા માગતા હોય અથવા જાણતા હોય તેઓ ઉપયોગ કરે છે.
- આ પદ્ધતિની કોઈ આડઅસર નથી જેથી કોઈ સાવધાની સાખવાની જરૂર પડતી નથી.

- આ માહિતી અન્ય કોઈ જગ્યાએ પ્રકાશિત થઈ નથી પરંતુ લોકસરવાણીમાં છપાઈ છે.

ખેડૂતને પોતાની શોધને લોકસરવાણીમાં છાપી જાહેર જનતાના હિત માટે મોકલવવામાં રસ છે.

- તેઓ સજીવ ખેતી તથા આવા નવીન અખતરા કરવાના હિમાયતી છે. ખૂબ રસિક અને ઉત્સાહી ખેડૂત છે.

**Method of Use**

**Caution**

**Benefit**

Condition

Material Used લીમડા (Azadirachta indica)ના કૂણા પાન, કુવારપાઠું (Aloe vera), આકડા (Calotropis gigantea)ના પાન, કપડાધોવાના પાવડર

IPR Status

Keywords ચરમી, જીરૂ, Cuminum cyminum, લીમડો, Azadirachta indica, પાન, કુવારપાઠું, Aloe barbadensis, આકડો, Calotropis gigantea, કપડા, ધોવા, પાવડર, સુરેન્દ્રનગર

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૪૫૯ | Member Type | Verifier | | |
|---|---|---|---|---|---|
| First Name | જાલમસિંહ | Middle Name | | Last Name | ઝાલા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | Taluka | | | |
| District | | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૮૧૨ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | પથુભાઈ | Middle Name | ગાંડુભાઈ | Last Name | રાઠોડ |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | મુ. થોરીયાળી | Taluka | સાયલા | | |
| District | Surendranagar | State | Gujarat | Country | India |

Biography

ઉત્તરદાતાની ની ઉંમર ૩૫ વર્ષ છે. તેમના પિતાજી ૫ ધોરણ ભણેલા છે. પણ તેઓ દેવલોક પામેલ છે. તેમની માતા જહુબહેનની ઉંમર ૭૦ વર્ષ છે. તેઓ ૬ ભાઈઓ છે. ૬ ભાઈઓમાં તે ૪થા નંબર છે. તેમની પાસે ૨૦ વિઘા જમીન છે. તેમના લગ્ન થયેલ નથી, જેથી સંતાનથી તેમના રસનો વિષય ખેતી છે અને નવિન શીખવા-જાણવાના પણ રસિક છે. તેમની જમીન કાળી ચીકણી છે. જમીન સહેજ કાંકરાવાળી છે. સાયલા જતાં રોડ ઉપર ૨ કિ.મી દૂર છે. કપાસ, તલ, કઠોળ, બાજરી, જુવાર, જીરું, ઘઉં વગેરે વાવે છે. પિયત માટે કૂવો બનાવી એન્જિન મુકેલ છે. સમાજના રિવાજો પણ બજાવે છે. આવકનું સાધન ખેતી છે.

સમસ્યા – ખેડૂતની સમસ્યા એ છે કે હવે તેઓની ઉંરમ થતાં ખેતી કાર્ય કરી શકતા નથી. પણ આવી દેશી દવાઓ બનાવી ખેતરમાં પાકને રક્ષણ કરવાનું તથા સજીવ ખેતીમાં વધી ઢોક આપી ખેતી કરવા સલાહ સૂચન આપે છે. ઘણા લોકો તેમની આ વાત મજાક સમજી મજૂરી કરવા તૈયાર થતા નથી પણ તેઓ આ વાતને બરાબર સમજી સકાવે છે.

ગામનો પરિચય:
આ ગામ સાયલા તાલુકા મથકથી ૫ કિ.મી દૂર છે. ગામની કુલ વસ્તી ૨૦૦૦ની આસપાસ છે. પંચાયત ઘર છે. તળાવ છે. બેંક સાયલામાં છે. દૂધ મંડળી, સહકારી મંડળી છે. ગામમાં પ્રાથમિક શાળા છે. ગામમાં શિક્ષણનું પ્રમાણ ઘણું સારું છે. મહિલાઓનો દરજ્જો સમજમાં મધ્યમ છે. ગામમાં કોળી પટેલની વસ્તી વધારે છે. આ ઉપરાંત ગામમાં રાઠોડ, ભરવાડ, સુથાર, બ્રાહ્મણ પણ છે. ગામની જમીન કાળી ચીકણી ચે. તેમાં કપાસ, તલ, જુવાર, બાજરી, કઠોળ, ઘઉં, જીરું, શાકભાજી વગેરે પાક લેવા પછી પિયત માટેની પણ સગવડ છે. દિવાળી, હોળી, ધુળેટી, નોરતા વગેરે મુખ્ય તહેવારો ઉજવાય છે. જિલ્લા મથકથી ૩૮ કિ.મી જેટલું દૂર છે. તે સાયલાથી બોટાદ જતા રોડ ઉપર આવેલું છે. પાકા રોડની સગવડ છે. ત્યાં જવા માટે બસ, જીપો, સકડા વગેરે સાધન મલે છે. ફોની સુવિધા પણ છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૫૦૯૪ | Member Type | Verifier | | |
|---|---|---|---|---|---|
| First Name | સોમભાઈ | Middle Name | એચ | Last Name | ઠક્કર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | ૪૬, વર્ધમાન ટેનામેન્ટ, સોલા રોડ, ભુંયગદેવ પાસે | Taluka | | | |
| District | Ahmadabad | State | Gujarat | Country | India |
| Biography | | | | | |